ગાંધીનગર સમાચાર

# ઘઉના ટેકાના ભાવમાં ક્વિન્ટલદીઠ રૂપિયા ૬૫નો વધારો

નવી દિલ્હી, તા.૨૬

સરકારે આજે શ્રેણીબદ્ધ નવા પગલા લઈને ખેડૂતો અને નિકાસકારોને પ્રભાવિત કરવાના પ્રયાસ કર્યા છે. સરકારે એક બાજુ ઘઉના ટેકાના ભાવમાં ક્વિન્ટલદીઠ રૂપિયા ૬૫નો વધારો કરી દીધો છે. આની સાથે ઘઉના એમએસટી ભાવ પ્રતિ ક્વિન્ટલ ૧૩૫૦ રૂપિયા થઈ ગઈ છે. સાથે સાથે સ્ટોરેજ માટેની ઉભી થયેલી કટોકટીને દૂર કરવા તથા વધારાના જથ્થાનો નિકાલ લાવવાનો હેતુસર ગોડાઉનમાંથી ૨.૫ મિલિયન ટન ઘઉંની વધારાની નિકાસને પણ લીલીઝંડી આપવામાં આવી છે. રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં આર્થિક બાબતો અંગેની કેબિનેટ સમિતિની મિટિંગ યોજાઈ હતી જેમાં આ બે નિર્ણયોને લીલીઝંડી આપવામાં આવી હતી. આર્થિક બાબતોની કેબિનેટ બેઠક બાદ પત્રકારો સાથે વાતચીત કરતા નાણાંમંત્રી પી. ચિદમ્બરમે કહ્યુ હતુ કે ઘઉંના લઘુતમ ટેકાના ભાવમાં પ્રતિ ક્વિન્ટલ ૬૫ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે. જેથી કિંમત પ્રતિ ક્વિન્ટલદીઠ ૧૩૫૦ રૂપિયા થઈ ગઈ છે. સીસીઈએમાં ઘઉંના એમએસપીને નક્કી કરવાનો નિર્ણય લેવાયો હતો એજ વેળા વર્ષ ૨૦૧૨-૧૩ના પાક વર્ષ (જુલાઈ-જુન) માટે અન્ય રબી પાકના એમએસપીને પણ મંજુરી આપવામાં આવી હતી. મિટિંગમાં ટોચના પ્રધાનો ઉપસ્થિત રહ્યા હતા. કૃષિ અને નાણાં મંત્રાલય વચ્ચે તાજેતરમાં ભારે વિખવાદ રહ્યા બાદ આ મુદ્દામાં ફરી ધ્યાન આપવાનો નિર્ણય લેવાયો હતો. તેની દરખાસ્તમાં કૃષિ મંત્રાલયે ઘઉંના એમએસપીમાં ક્વિન્ટલદીઠ રૂપિયા ૧૦૦નો વધારો કરવાનું સુચન કર્યુ હતુ. અગાઉ મંત્રાલય દ્વારા ગયા વર્ષની સપાટીએ ઘઉંના એમએસપીને સ્થિર રાખવા કમિશન ફોર એગ્રિકલ્ચર કોસ્ટ એન્ડ પ્રાઈઝની ભલામણોને ફગાવી દીધી હતી. ખેડૂતોને ક્વિન્ટલદીઠ રૂપિયા ૪૦ના બોનસની વાત પણ કરવામાં આવી હતી. ઘઉંના એમએસપીમાં વધારો કરવામાં આવ્યા બાદ ખેડૂતોના આત્મવિશ્વાસમાં વધારો થશે અને આ પાક હેઠળ વધુ વિસ્તારોને આવરી લેવામાં આવશે. ગયા સપ્તાહ સુધી ખેડૂતોએ ગયા વર્ષે આજ ગાળામાં ૨૫.૭ મિલિયન હેક્ટર કરતા ઓછા વિસ્તારમાં ઘઉંની વાવણી કરી હતી. ૨૫.૩ મિલિયન હેક્ટર વિસ્તારમાં ઘઉંનું વાવેતર કરવામાં આવ્યું હતુ. સીસીઈએ દ્વારા એફસીઆઈ ગોડાઉનમાં થી ૨.૫ મિલિયન ટન વધારાના ઘઉંની નિકાસને પણ મંજુરી આપી હતી. જુન મહિનામાં સરકારે એફસીઆઈના ગોડાઉનમાંથી બે મિલિયન ટન ઘઉંની નિકાસને મંજુરી આપી હતી. વધારાના જથ્થાનો નિકાલ લાવવાના હેતુસર આ નિર્ણય લેવાયો છે. આની સાથે જ ઘઉંની નિકાસ માટે કુલ મંજુરી ૪.૫ મિલિયન ટન સુધી પહોંચી ગઈ છે. ખેડૂતોને આગામી દિવસોમાં વધુ ફાયદો આપવાની પણ તૈયારી કરી લેવામાં આવી છે. કૃષિ વિકાસદરને વધારવા માટે કેન્દ્ર સરકારે હાલમાં કમર કસી લીધી છે.

### ખેડૂતોનો હિતમાં નિર્ણય

- ઘઉંના ટેકાના ભાવમાં ક્વિન્ટલદિઠ ૬૫ રૂપિયાનો વધારો
- ઘઉંના ટેકાના ભાવ ક્વિન્ટલદિઠ ૧૩૫૦ રૂપિયા
- સ્ટોરેજની કટોકટીને ટાળવા અને વધારાના જથ્થાનો નિકાલ લાવવા ગોડાઉનમાંથી ૨.૫ મિલિયન ટન વધુ ઘઉંના જથ્થાની નિકાસને મંજુરી
- આર્થિક બાબતોના કેબિનેટમાં બે નિર્ણય લેવાયા
- ૨૦૧૨-૧૩ પાક વર્ષ માટે અન્ય રબિ પાકના એમએસપીને મંજુરી
- કૃષિ મંત્રાલયે ઘઉંના એમએસપીમાં ક્વિન્ટલદીઠ ૧૦૦ના વધારાની માંગ કરી હતી
- સીએસીપીની ભલામણોને મંત્રાલય દ્વારા અગાઉ ફગાવાઈ હતી
- ઘઉંના એમએરપીમાં વધારો કરાતા ખેડૂતો આ પાક હેઠળ વધુ વિસ્તારને આવરી લેશે
- ગયા સપ્તાહ સુધી ખેડૂતો દ્વારા ૨૫.૩ મિલિયન હેક્ટર વિસ્તારમાં ઘઉંનું વાવેતર કરાયુ હતુ
- સીસીઈએમાં એફસીઆઈના ગોડાઉનમાંથી વધુ ઘઉંના જથ્થાને નિકાસની મંજુરી અપાઈ



# ચીનમાં વિશ્વની સૌથી લાંબી બુલેટ ટ્રેન સેવાને શરૂ કરાઈ

બેજિંગ,તા. ૨૬



વિશ્વની સૌથી લાંબી બૂલેટ ટ્રેન સેવા ચીનમાં શરૂ થઈ ચૂકી છે. વિશ્વની સૌથી લાંબી હાઈસ્પીડ ટ્રેન શરૂ થતાં મોટી સંખ્યામાં લોકોને ફાયદો થશે. ચીનના ઈતિહાસમાં આને મોટા પગલાં તરીકે ગણવામાં આવે છે. સુપર ફાસ્ટ રેલ નેટવર્કમાં ચીને હમેશા એક પછી એક સિદ્ધિઓ હાંસલ કરી છે. નવી ૨૨૯૮ કિલોમીટર લાંબી બુલેટ ટ્રેન સર્વિસ બેજિંગ અને ગ્વાંગજૂ વચ્ચે શરૂ કરવામાં આવી છે. આનાથી પાટનગરથી દક્ષિણી વાણિજ્ય હબમાં અગાઉ જે ૨૨ કલાકનો સમય લાગતો હતો તેના કરતા ખૂબ ઓછા ગાળામાં પહોંચી શકશે.

ચાઈના સેન્ટ્રલ ટેલિવિઝન બ્રોડકાસ્ટ દ્વારા અગાઉ ઘણી માહિતી આપવામાં આવી ચૂકી છે. આ રૂટ ઉપર ટ્રેન ૩૦૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે દોડશે. જૈનઝૂ, વુહાન જેવા મોટા સ્ટેશનોની સાથે ૩૫ સ્ટોપ રાખવામાં આવ્યા છે. મીડિયા અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે ૨૬મી ડિસેમ્બરની તારીખ બેજિંગ-ગ્વાંગજૂ લાઈન ઉપર પેસેન્જર સર્વિસ શરૂ કરવા માટે પસંદગી કરવામાં આવી હતી. ચીનના નેતા માઓ ઝેડોગના જન્મ દિવસને ધ્યાનમાં લઈને આ તારીખ પસંદ કરવામાં આવી છે. ગ્વાંગજૂ અને બેજિંગ વચ્ચે લાઈનની પૂર્ણાહૂતિ સાથે બેજિંગ-ગ્વાંગજૂ વચ્ચે રૂટને શક્ય બનાવવામાં સફળતા મળી છે. હાઈસ્પીડ સેક્સન ઘણા વિસ્તારને જોડશે. ચીનમાં હાઈસ્પીડ નેટવર્કનો ઈતિહાસ ખૂબ જૂનો છે.



ક્રિસમસ પર્વની ઉજવણી દેશભરમાં વિવિધ રીતે ચાલી રહી છે, ત્યારે આવા જ એક કાર્યક્રમ અંતર્ગત સ્ટેજ પર પોતાના પરફોર્મન્સની રાહ જોઈને ઊભેલાં નાનાં ભૂલકાઓ કેમેરામાં ઝડપાઈ ગયા હતા.

### દિગ્વિજયસિંહનું ફરી એકવાર ચર્ચાસ્પદ નિવેદન

# એક વર્ષ પહેલાં લોકસભાના ઉમેદવારોની જાહેરાત કરીશું

લખનૌ, તા. ૨૬

ઉત્તરપ્રદેશ વિધાનસભાની ચૂંટણીમાં પક્ષને અપેક્ષિત પરિણામ ન મળવા બદલ ટિકિટ ફાળવણીમાં થયેલા વિલંબને જવાબદાર ગણાવતાં કોંગ્રેસના રાષ્ટ્રીય મહાસચિવ દિગ્વિજયસિંઘે આજે કહ્યું હતું કે, આગામી લોકસભાની ચૂંટણી માટે ઉમેદવારોની જાહેરાત એક વર્ષ પહેલાં જ કરી દેવામાં આવશે.

ઉત્તરપ્રદેશના પક્ષના કેન્દ્રીય પ્રભારી સિંહે કોંગ્રેસ પરપ્રાંતીય સંમેલનનું ઉદ્‌ઘાટન કરતાં કહ્યું હતું કે, વિધાનસભા ચૂંટણી પહેલાં તત્કાલીન બહુજન સમાજ પક્ષ (બસપા) સરકારને હટાવવાનો માહોલ કોંગ્રેસ પક્ષે જ તૈયાર કર્યો હતો. પરંતુ અમે જનતાનો સરકાર બનાવવાનો ભરોસો અપાવી શકયા ન હતા. દિગ્વિજયસિંઘે કહ્યું હતું કે, વિધાનસભા ચૂંટણીની તૈયારીમાં જો અમે થોડા અને વહેલા લાગી ગયા હોય અને ટિકિટ ફાળવણીમાં વિલંબ ન થયો હતો તો પરિણામ સારુ હોત. સિંહે કહ્યું હતું કે, લોકસભા ચૂંટણીના ઉમેદવારોની પસંદગી પ્રક્રિયા ચાલી રહી છે. ફેબ્રુઆરી સુધી પ્રદેશના તમામ આઠ ઝોન પ્રભારીઓનો અહેવાલ મળ્યા પછી આ સંબંધે નિર્ણય કરવામાં આવશે. જ્યારે ઉમેદવારોની જાહેરાત અંદાજે ચૂંટણીના એક વર્ષ પહેલાં જ કરી દેવામાં આવશે. પ્રદેશની રાજનીતિમાં સમાજવાદી પક્ષ (સપા), બહુજન સમાજ પક્ષ (બસપા) અને ભાજપને મુખ્ય પડકાર ગણાવતાં સિંઘે કહ્યું હતું કે, વર્ષ ૨૦૦૪માં થયેલ લોકસભા ચૂંટણીમાં પક્ષને મળેલા ૮ ટકા મતની સરખામણીમાં ૨૦૦૯માં ૧૮ ટકા મત મળ્યા હતા. જ્યારે ૨૦૦૭માં થયેલા વિધાનસભા ચૂંટણીમાં ૭ ટકા મત મળ્યા હતા. જેની સામે ચાલુ વર્ષે યોજાયેલી ચૂંટણીમાં ૧૧ ટકા મત મળ્યા હતા. નોંધનીય છે કે કોંગ્રેસે આગામી લોકસભાની ચૂંટણી રાહુલ ગાંધીના નેતૃત્વ હેઠળ લડવા એક સમિતિની રચના પણ કરી છે.

### એક્સચેન્જ રેટમાં ફેરફારના કારણે વિચારણા

# આઈપીએલ હરાજી હવે રૂપિયામાં યોજવા હિલચાલ શરૂ થઈ

નવી દિલ્હી,તા. ૨૬

આઈપીએલ હરાજી આ વખતે ભારતીય રૂપિયામાં યોજવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. વર્ષ ૨૦૧૪માં આઈપીએલ હરાજી રૂપિયામાં યોજવા માટે જે કારણો આપવામાં આવ્યા છે તેમાં એક્સચેન્જ રેટમાં ઊથલ પાથલનો સમાવેશ થાય છે. ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડમાં ઉચ્ચસ્તરીય સૂત્રોએ કહ્યું છે કે આઈપીએલ સંચાલન સમીતિ ખેલાડીઓના વાસ્તવિક પગારને લઈને વાતચીતમાં વ્યસ્ત છે. ડૉલરના બદલે આ વખતે રૂપિયામાં હરાજી હાથ ધરવામાં આવશે. બીસીસીઆઈના એક ટોચના અધિકારીએ આજે આ મુજબની માહિતી આપી હતી. આઈપીએલ થીક ટેન્ક માને છે કે રૂપિયામાં હરાજી કરવાથી ગણતરીમાં પણ સરળતા રહેશે. વર્ષ ૨૦૦૮માં આઈપીએલની પ્રથમ વખત હરાજી થઈ હતી ત્યારે ડૉલર સામે રૂપિયાનો રેટ ૪૦ની આસપાસનો હતો. ભારતીય ક્રિકેટરોને આ જ રેટથી




નાણાં ચૂકવવામાં આવે છે પરંતુ રૂપિયાની કિંમતમાં ઉલ્લેખનીય ઘટાડો થઈ ગયો છે જેથી ટીમના માલિકો વિદેશી ક્રિકેટરોને વધુ નાણાં ચૂકવે છે. સૂત્રોનું કહેવું છે કે કેટલાક ટીમના માલિકોએ આઈપીએલના વડાઓ સાથે આ મુદ્દે વાતચીત પણ કરી છે પરંતુ કોઈ નક્કર પરિણામો મળી શક્યા નથી.

આગામી વર્ષે હરાજી ડૉલરમાં યોજવાને લઈને હવે વિખવાદ ઊભો થઈ ગયો છે. એવું પણ જાણવા મળ્યું છે કે મોટાભાગની આઈપીએલની ટીમો ૨૦૧૪ની હરાજીમાં તમામ ખેલાડીઓને મૂકવા માગે છે. બીસીસીઆઈ દ્વારા આ મુદ્દે વિચારણા ચાલી રહી છે. ટીમો તરફથી અન્ય એક માંગ એવી છે કે ભારતીય સ્થાનિક ક્રિકેટરોને વિદેશી સ્થાનિક ખેલાડીઓની જેમ જ હરાજીમાં મૂકવામાં આવે જેથી વધુ નાણાં મળી શકે. આઈપીએલની સંચાલન પરિષદ દરેક ટીમ માટે લઘુત્તમ સ્પોન્સરશીપ રેટ અંગે વિચારી રહી છે. આનુ કારણ એ આપવામાં આવી રહ્યું છે કે કેટલીક નબળી ટીમો યોગ્ય કિંમત મેળવવામાં મુશ્કેલી અનુભવે છે.

### પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં માહિતી આપવામાં આવી

# કોન્સ્ટેબલ સુભાષ તોમરનું હાર્ટએટેકથી મૃત્યુ થયુ હતુ

નવી દિલ્હી, તા.૨૬

દિલ્હીમાં ગેંગરેપને લઈને દેશભરમાં હોબાળો જારી રહ્યો છે ત્યારે ઝપાઝપી દરમિયાન ઈજાના કારણે મૃત્યુ પામેલા દિલ્હી પોલીસના કોન્સ્ટેબલ સુભાષ તોમરના અવસાન અંગે પોસ્ટ મોર્ટમ અહેવાલ જારી કરી દેવામાં આવ્યો છે જેમાં જણાવાયું છે કે ઈજાના કારણે ભયભીત થવાથી હાર્ટએટેક આવી જતા તેમનું અવસાન થયુ હતુ.



ચાલતી બસમાં ૨૩ વર્ષીય પેરા મેડિકલની વિદ્યાર્થિની પર ગેંગરેપનો બનાવ બન્યા બાદ ઈન્ડિયાગેટ ખાતે વ્યાપક દેખાવો દરમિયાન ફરજ બજાવી રહેલા દિલ્હી પોલીસના કોન્સ્ટેબલ સુભાષ તોમરને લોકોના રોષનો સામનો કરવો પડ્યો હતો. હિંસા પર ઉતરેલા લોકો સાથે તેમની ઝપાઝપી થઈ હતી. પત્રકારો સાથે વાતચીત કરતા દિલ્હી પોલીસના પ્રવક્તાએ આજે પોસ્ટ મોર્ટમ અહેવાલને ટાંકીને જણાવ્યું છે કે તોમરનું માયોકાર્ડિયલ ઈફારેક્સન(હાર્ટ એટેક) થયું હતુ. આ પ્રકારના હાટએટેક ઈજા દરમિયાન થઈ જાય છે. તોમરના મોતના વાસ્તવિક કારણને જાણવા માટે હાલમાં ભારે દબાણ હતુ. જેથી આખરે ઓટોસ્પી રિપોર્ટના તારણો જારી કરવામાં આવ્યા છે.

આનાથી હાલ ચાલી રહેલી અટકળોનો અંત આવ્યો છે. રિપોર્ટમાં જણાવ્યું છે કે ઝપાઝપી દરમિયાન તેઓ પોતાની રીતે જ પડી ગયા હતા. બીજીબાજુ એક પત્રકાર વિદ્યાર્થી યોગેન્દ્રએ સાક્ષી હોવાનું દાવો કરીને કહ્યુ હતુ કે કોન્સ્ટેબલ સુભાષ તોમર પડી ગયા હતા. અગાઉ પોલીસે એવું તારણ આપ્યુ હતુ કે દેખાવકારો દ્વારા માર મારવામાં આવતા તેમનું અવસાન થયુ હતુ. રામ મનોહર લોહિયા હોસ્પિટલમાં તબિબોએ કહ્યુ છે કે કોન્સ્ટેબલના શરીર પર બહાર ઈજાના કોઈ નિશાન ન હતા. જ્યારે તેમનો હોસ્પિટલમાં લાવવામાં આવ્યા ત્યારે તેમના પર ઈજાના નિશાન ન હતા. તેમને એટેક થયો હોવાનું તારણ આવ્યું હતુ. હોસ્પિટલના મેડિકલ સુપ્રીટેન્ડન્ટ ટીએસ સિદ્ધુએ કહ્યુ છે કે તેમનો ગંભીર હાલતમાં લાવવામાં આવ્યા હતા. તેમને બચાવવાના પ્રયાસ કરાયા હતા અને વેન્ટિલેટર પર રાખવામાં આવ્યા હતા.

# RCFમાં હવે ૧૨.૫ ટકા હિસ્સો વેચી દેવાશે

નવી દિલ્હી, તા.૨૬

સરકારે રાષ્ટ્રીય કેમિકલ્સ એન્ડ ફર્ટિલાઈઝર લિમિટેડ (આરસીએફ)માં તેના ૧૨.૫ ટકા હિસ્સાને વેચી મારવાના નિર્ણયને આજે લીલીઝંડી આપી હતી. આરસીએફમાં હિસ્સેદારી વેચીને સરકાર ૩૬૦ કરોડ રૂપિયા એકત્રિત કરવાની યોજના ધરાવે છે. નાણાં મંત્રી ચિદમ્બરમે સીસીઈએની બેઠક બાદ પત્રકારો સાથેની વાતચીતમાં જણાવ્યું હતુ કે આર્થિક બાબતો અંગેની કેબિનેટ સમિતિએ આરસીએફમાં ૧૨.૫ ટકા ડિસઈન્વેસ્ટમેન્ટને લીલીઝંડી આપી દીધી છે. સરકાર હાલમાં આસાસીએફમાં ૯૨.૫ ટકા હિસ્સો ધરાવે છે. કંપનીની પેઈડ અપ મૂડી ૫૫૧.૬૯ કરોડની આસપાસ છે. હાલમાં આ કંપનીના વર્તમાન માર્કેટ શેર કિંમત ૫૭.૮૦ રૂપિયા છે. ૧૨.૫ ટકા હિસ્સેદારીનો વેચવાથી ૩૬૦ કરોડ રૂપિયા વધુ વધશે. આરસીએફના શેર આજે કારોબાર દરમિયાન ૩.૭૭ ટકાનો ઉછાળો નોંધાયો છે. આની સાથે જ તેના શેરની કિંમત ૫૭.૭૫ રૂપિયા સુધી પહોંચી હતી. સરકાર વર્તમાન નાણાંકીય વર્ષમાં ડિસઈન્વેસ્ટમેન્ટ મારફતે ૩૦૦૦૦ કરોડ રૂપિયા ઉભા કરવાની યોજના ધરાવે છે. હજુ સુધી ૨૦૧૨-૧૩માં સરકારે પીએસયુમાં લઘુમતિ હિસ્સેદારી વેચાણ મારફતે ૬૯૦૦ કરોડ રૂપિયા ઉભા કર્યા હતા. સરકારે ૧૦ કંપનીઓ એવી ઓળખી કાઢી છે જેમાં ડિસઈન્વેસ્ટમેન્ટની પ્રક્રિયા હાથ ધરવામાં આવનાર છે. આમાં એનટીપીસી, ઓઈલ ઈન્ડિયા, એમએમટીસી, સેઈલ, ભેલનો સમાવેશ થાય છે. ઓઈલમાં હિસ્સદારી વેચાણ જાન્યુઆરીમાં કરાશે.

## સમાચાર ઝલક

- દુનિયાનું સૌથી ઝડપી કોમ્પ્યુટર તૈયાર થશે ભારતમાં.
- ગુજરાત પરિવર્તન પાર્ટીનું નિશાન ચૂંટણી પંચે રદ્દ કર્યું.
- દિલ્હીના એક મહાદેવ ભક્તે સોમનાથ મહાદેવને નવ કિલો સોનાનું થાળું અર્પણ કર્યું.
- મહિલા હેલ્પલાઇન નંબર ૧૬૭ નો પ્રારંભ.
- ગુજરાતમાં રોજ એકથી વધુ બળાત્કાર થાય છે.
- ૨૦૧૩માં ૧૦ લાખ નવી નોકરીઓની તકો સર્જાશે : એક સર્વે.
- ભારત અને રશિયા વચ્ચે ૧૦ કરાર-સમજૂતીઓ પર હસ્તાક્ષર.
- ‘દબંગ-૨’ સફળતાના નવા રેકોર્ડ સર્જવાની દિશામાં...
- ભવિષ્યમાં ખાંડના ભાવ ઘટવાનાં એંધાણ.
- વહેલી સવારે કે મોડી રાત્રે ચાલતાં ટ્યુશન કલાલીસના પર આવશે તવાઇ.
- ઇન્સ્ટન્ટ મનીઓર્ડરના ચાર્જમાં ધરખમ ઘટાડો.
- સૂર્યાસ્ત બાદ કે વહેલાં મહિલાઓની ધરપકડ ન કરવી : મુંબઇ હાઇકોર્ટ.
- ગુજરાત-મહારાષ્ટ્ર સાગરકાંઠા પર હાઇએલર્ટ, ફિદાયીન હૂમલો કરવા આતંકીઓની દહેશત.
- બી.એસ.એન.એલ.એ ગ્રાહકોને ખંખેરવામાં બીજી કંપનીઓને પાછળ રાખી દીધી.
- હવે ખંજવાળ ઉપડે તેવા ટીયરગેસ વાપરશે પોલીસ : દિલ્હી પોલીસે કર્યો પ્રયોગ.
- બેંકો ઓટો લોનના વ્યાજ દર ઘટાડવા લાગી.
- ગુજરાતના પતંગોત્સવમાં દેશવિદેશના પતંગબાજોને નિમંત્રણ, ૨૦૦થી વધુ પતંગબાજો હાજરી આપશે.

# સીઈઓના પગારની વિગત આપવા આદેશ

નવી દિલ્હી, તા.૨૬

ટોપ મેનેજમેન્ટને જંગી પગાર પેકેજની ઓફર ભારતીય કંપનીઓ દ્વારા કરવામાં આવી રહી છે તેવી એક ગણતરી વચ્ચે સરકારે આજે સીઈઓના પગારની જાહેરાત કરવા કંપનીઓને સૂચના આપી હતી. સરકાર ઈચ્છે છે કે પ્રમોટરો અને સીઈઓને ચૂકવાતા નાણાં અંગે કંપનીઓએ વિગતવાર માહિતી આપવી જોઈએ. જાહેરરીતે આ મામલે ઘણી ચર્ચાઓ થઈ ચુકી છે. ટોચના મેનેજમેન્ટના લોકો માટે જંગી નાણાંની ચૂકવણી કરવામાં આવે છે તેવી માન્યતા પહેલાથી જ પ્રવર્તી રહી છે. કોર્પોરેટ બાબતોના પ્રધાન સચિન પાઈલોટે એક મુલાકાતમાં આજે આ મુજબની વાત કરી હતી. પ્રધાને વધુમાં કહ્યુ હતુ કે એવા ઘણા બધા કેસો છે જેનાથી લોકોને એવું લાગે છે કે સામાન્ય કર્મચારીઓને પૂરતા નાણાં મળતા નથી પરંતુ ટોપ મેનેજમેન્ટને જંગી નાણાં ચુકવવામાં આવ્યા છે. આવી ગણતરી અંગે વધુ સ્પષ્ટતા કરવામાં આવી છે. પાઈલોટે કહ્યુ હતુ કે કંપનીએ તેમના પગાર જે પ્રમોટરો અને વડાઓ મેળવે છે તે અંગે સંપૂર્ણ વિગત આપવી જોઈએ.

### નિરામય (પાના નં. ૪નું ચાલુ)

ગર્ભના આંતરડાની લંબાઇ વધે છે. દૈહિક સક્રિયતા વધે છે. ક્યારેક ગર્ભને હેડકી આવે છે જેનો અનુભવ ગર્ભિણી કરી શકે છે.

છઠ્ઠા મહિનાને બુધ્ધિની વ્યક્ત અવસ્થા કહે છે. આ મહિમામાં આંખ પર ભ્રમર બને છે. નખ આંગળીઓના અગ્રભાગ સુધી પહોંચે છે. મસ્તિષ્કમાં બૌધ્ધિક કેન્દ્રો સમી જ્ઞાનેન્દ્રિયો પૂર્ણ વિકાસ થાય છે.

સાતમા મહિને ગર્ભના શરીરના દરેક અંગે પૂર્ણપણે પ્રગટ થાય છે. ત્વચાની નીચે ચરબી જમા થવા લાગે છે. જેથી ગર્ભનું વજન વધે છે. ગર્ભની આંખ ખૂલી શકે છે. જન્મ લેનાર બાળક જીવવા માટે આ મહિનામાં સક્ષમ બને છે. જો કે આ મહિને જન્મેલ બાળક ક્યારેય પૂર્ણપણે વિકાસ પામેલ હોતું નથી.

આઠમા મહિને ઓજસનું ગર્ભિણી તથા ગર્ભ વચ્ચે સંચરણ થાય છે. પંદર દિવસ એજ ગર્ભમાં જયારે પંદર દિવસ ગર્ભિણીમાં રહે છે. જેમા ઓજ સ્થિત થાય છે. તે પ્રસન્ન રહે છે. ઓજસ એ જીવનદાતા તથા પુષ્ટિકર્તા છે. આયુર્વેદ મુજબ જો ઓજસ છે તો જ જીવન છે.

નવમા મહિને પ્રસવકાળ અવસ્થા જાણવામાં આવે છે. આ મહિને ગમે ત્યારે પ્રસૂતિ થઇ શકે છે. નાભિનાળ ઉદરના મધ્યમાં આવી જાય છે. આ મહિને જન્મલેનાર બાળક સંપૂર્ણ સ્વસ્થ હોય છે. ઋષિ કાશ્યપ અનુસાર જન્મ સમયે બાળકને ગર્ભાવસ્થા દરમિયાન સુખદુઃખનું તેમજ પૂર્વજન્મ કર્મનું સ્મરણ થાય છે. જે જન્મબાદ ધીમે-ધીમે વિસરાઇ જાય છે.

ગર્ભાવસ્થા દરમિયાન બાળક માતા પર આશ્રિત હોય છે. માતાના આહાર-વિહારની ગર્ભ પર સીધી અસર પડે છે. આથી જ ગર્ભાવસ્થા દરમિયાન માતાએ સ્વાધ્યાય, સારૂં વાચન, ઇશ્વર સ્મરણ, સાત્વિક ખોરાક આદિ પ્રયોજવા જોઇએ. કોઇ પણ પ્રકારના પ્રસંગોમાં પણ ગર્ભિણીએ પ્રસન્ન રહેવું તેમજ વિષાદથી દૂર રહેવું. દુઃખ, ક્રોધ, દ્વેષ, ઇર્ષ્યા, ઝઘડો આદિ ન કરવા જોઇએ તેમજ સંપૂર્ણ આરામ ન કરતાં હળવા ઘરકામ તેમજ વ્યાયામ પણ કરવા જોઇએ. તન તેમજ મનથી શુધ્ધ એવી ગર્ભિણીને સ્વસ્થ તેમજ ઉત્તમ સંતાનની પ્રાપ્તિ થવી સહજ છે.